# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૭૭ તા.૧૯-૩-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે વાર્ષિક પરીક્ષા-૨૦૧૫ના પરિણામપત્રકો તેમજ અન્યપત્રકો નીચે જણાવેલ ઝોનવાઈઝ તારીખ/વાર અને સમયે જમાલપુર શાળા નં.૪ના કમ્પાઉન્ડમાં આવેલ સ્ટોર વિભાગમાંથી મેળવી લેવાના રહેશે.

| ઝોન | તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| ઉત્તર + દક્ષિણ | ૨૪-૩-૧૫ | મંગળવાર | ૧૧.૦૦ થી ૫.૦૦ |
| પૂર્વ+ પશ્ચિમ | ૨૫-૩-૧૫ | બુધવાર | |
| હિન્દી + ઉર્દૂ | ૨૬-૩-૧૫ | ગુરૂવાર | |

પત્રકો મેળવવા માટે નીચે નમુનામાં જણાવ્યા પ્રમાણેનો રિપોર્ટ આખા કાગળમાં તૈયાર કરી તમામ વિગતો ભરી લાવવાનો રહેશે.

<u>રિપોર્ટનો નમૂનો</u>

શાળાનું નામ :- ઝોન :-

**(અ) ઉત્તરવહીઓ માટે ધોરણ ૬ થી ૮ની કુલ સંખ્યા :-..........................**

(બ) પરિણામપત્રકો માટે

| ધોરણ | વર્ગોની સંખ્યા | વર્ગ દિઠ બાળકોની સંખ્યા | પત્રકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | .................. | .................. | .................. |
| ૨ | .................. | .................. | .................. |
| ૩ | .................. | .................. | .................. |
| ૪ | .................. | .................. | .................. |
| ૫ | .................. | .................. | .................. |
| ૬ | .................. | .................. | .................. |
| ૭ | .................. | .................. | .................. |
| ૮ | .................. | .................. | .................. |

(ક) અન્ય પત્રકો માટે :-

| ક્રમ | પત્રકની વિગત |
|---|---|
| ૧ | વર્ગ બંધારણપત્રક |
| ૨ | વાર્ષિક નિરીક્ષણપત્રક |
| ૩ | ગુણપત્રકની સ્લીપો |

પત્રકો લઈ જનારની સહી :- ........................................

આચાર્યશ્રીની સહી - સિક્કો

તા.૧૯-૩-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૭૮ તા.૧૯-૩-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- આંતરઝોન(શહેર) કક્ષાની સોનાબા શાહ વકતૃત્વ સ્પર્ધા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે સ્કૂલ બોર્ડ અને રોટરી કલબ અમદાવાદ મેટ્રોના સંયુકત ઉપક્રમે પરિપત્ર નં.૪૨/તા.૩૧-૭-૧૪ મુજબ ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ''સોનાબા શાહ'' વકતૃત્વ સ્પર્ધા શાળા કક્ષાએ યોજાઈ હતી. ત્યારબાદ બીટ તેમજ ઝોન કક્ષાની વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. હવે ઝોન કક્ષાએ વિજેતા બાળકોની આંતરઝોન(શહેર) કક્ષાની વકતૃત્વ સ્પર્ધા તા.૨૩-૩-૧૫ને સોમવારના રોજ સવારના ૮-૪૫ કલાકે ટાગોર હૉલ, પાલડી ખાતે યોજાનાર છે. તેમાં ઝોન કક્ષાએ વિજેતા થયેલ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિદ્યાર્થીઓને તેમને તૈયાર કરાવનાર એક શિક્ષક તથા તેમના વાલી સાથે અચૂક મોકલવાના રહેશે. તદ્ ઉપરાંત આ કાર્યક્રમમાં સ્કૂલ બોર્ડની તમામ શાળાના છેલ્લા આ.શિક્ષકે મુખ્ય શિક્ષકશ્રીના રિપોર્ટ સાથે હાજર રહેવાનું રહેશે, તેની નોંધ લેશો.

તા.૧૯-૩-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી